# સરદાર પટેલ યુનિવર્સિટી

નેક એક્રેડિએશન ગ્રેડ “એ” (૧૦-૦૧-૨૦૨૩ થી ૦૯-૦૧-૨૦૨૮)

# વિદ્યાર્થી માર્ગદર્શિકા

## ભાગ-3

## Other Services

- ભાઈકાકા ગ્રંથાલય
- હેલ્થ સેન્ટર
- પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ
- સ્વિમિંગ પુલ
- યુવિ સ્પોર્ટસ કોમ્પલેક્ષ
- યુજીસી વિભાગ

# ભાઈકાકા ગ્રંથાલય

ફોન: ૦૨૬૯૨-૨૨૬૮૭૫; ઈ-મેલ: unilibspu@gmail.com; વેબસાઇટ: www.spuvvn.edu


## ગ્રંથાલયનો સમય

**1)** પુસ્તકો આપ-લે માટે સવારે ૧૦.૧૫ થી ૦૫.૩૦ (બીજો અને ચોથો શનિવાર અને યુનિ.ની અન્ય જાહેર રજાઓના દિવસે રજા)

**2)** રીડિંગરૂમ સમય સવારે ૦૮:૦૦થી સાંજના ૦૮:૦૦ સુધી (વિદ્યાર્થીનીઓ માટે સાંજના ૦૬:૦૦ સુધી)

## મેમ્બરશીપ

ગ્રંથાલય બે પ્રકારની મેમ્બરશીપ આપે છે. બંને પ્રકારની મેમ્બરશીપ માટે આઈડી કાર્ડ ફરજીયાત છે. મેમ્બરશીપ રજીસ્ટ્રેશન માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન નીચે દર્શાવેલી લીંકની મદદથી કરાવવાનું રહેશે.

URL: http://172.16.120.5/webopac/UserLogin.aspx

**1)** પુસ્તકો આપ-લે માટે બારકોડેડ આઈડી કાર્ડ કઢાવવાનં રહેશે.

**2)** રીડિંગ રૂમ મેમ્બરશીપ ફી શૈક્ષણિક વર્ષ માટે રૂા.૨૦૦/- (ફક્ત વાંચન માટે)

**3)** આઈડી કાર્ડ ખોવાઈ જાય તો રૂા. ૧૦૦/- ભરી ડુપ્લીકેટ આઈડી કાર્ડ કઢાવી શકાશે.

## મેમ્બરશીપ એલિજીબીલીટી

સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનો અને સંલગ્ન કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ અને અધ્યાપકો

## પુસ્તકોની મળવા પાત્ર સંખ્યા

**1)** પી.જી. / યુ.જી. – ૦૨ (બે) પુસ્તકો (૧૪ દિવસ માટે)

**2)** પીએચ.ડી. – ૦૬ (છ) પુસ્તકો (૧૪ દિવસ માટે)

**3)** સ.પ.યુનિ.અનુસ્નાતક વિભાગનાં અધ્યાપકો – ૧૦ (દશ) પુસ્તકો (૨ મહિના માટે)

**4)** સ.પ.યુનિ. સંલગ્ન કોલેજનાં અધ્યાપકો - ૦૨ (બે) પુસ્તકો (૧૪ દિવસ માટે)

# સરદાર પટેલ યુનિવર્સિટી
નેક એક્રેડિએશન ગ્રેડ "એ" (૧૦-૦૧-૨૦૨૩ થી ૦૯-૦૧-૨૦૨૮)

## ભાઈકાકા ગ્રંથાલય

ફોન: ૦૨૬૯૨-૨૨૬૮૭૫;  ઈ-મેલ: unilibspu@gmail.com;  વેબસાઇટ: www.spuvvn.edu


## પુસ્તકો શોધવા માટેની લીંક

**WEB-OPAC Link**: http://172.16.120.5/webopac/Default.aspx

## વિદ્યાર્થીઓ માટે અતિદેય (ફાઈન)

૧૪ દિવસથી વધારે સમય માટે પુસ્તક વિદ્યાર્થી પાસે રહે તો એક દિવસનાં રૂા.૦૫/- (પાંચ) લેખે દંડ વસુલાશે.

ગ્રંથાલય ડીપોજીટ પરત મેળવવા માટે પહેલા સેમેસ્ટરની ફી રીસિપ્ટ, છેલ્લા સેમેસ્ટરની માર્કશીટ ગ્રંથાલયનું આઈડી કાર્ડ અને એકેડેમિક સેક્શનમાંથી ફોર્મ મેળવી ભરી ભાઈકાકા ગ્રંથાલયમાં જમા કરાવવાનું રહેશે.

**વધુ માહિતી માટે**: **https://www.spuvvn.edu/service-centres/central-library/home/**

**ખાસ નોંધ:**

ઉપરોક્ત તમામ માહિતી ફક્ત ટૂંક માહિતી/સમજ અર્થે રજુ કરેલ છે તથા તે બદલાવ ને આધીન છે. વિસ્તૃત માહિતી માટે સરદાર પટેલ યુનવર્સિટી વેબ સાઈટ **https://www.spuvvn.edu** ધ્યાને લેવી.

# હેલ્થ સેન્ટર

# સરદાર પટેલ યુનિવર્સિટી

નેક એક્રેડિએશન ગ્રેડ "એ" (૧૦-૦૧-૨૦૨૩ થી ૦૯-૦૧-૨૦૨૮)

# હેલ્થ સેન્ટર

વેબસાઇટ: www.spuvvn.edu

યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓને સ્વાસ્થ્ય સુવિધાઓ સરળતાથી મળી રહે તે હેતુથી હેલ્થ સેન્ટર સને ૧૯૬૨ થી કાર્યરત છે.

**1)** હેલ્થ સેન્ટરની સેવાનો લાભ યુનિવર્સિટીના ડિપાર્ટમેંટના વિદ્યાર્થીઓ, યુનિવર્સિટી સંલગ્ન કોલેજના વિદ્યાર્થીઓ, કર્મચારીઓ તથા પ્રાદ્યાપકો નજીવી ફીથી લાભ લઈ શકે છે.

**2)** હેલ્થ સેન્ટરની સેવાઓ સોમવારથી શુક્રવાર સવારના ૯:00 થી ૧૨:30 સુધી તેમજ સાંજના 3:30 થી ૬:30 સુધી તેમજ શનિવારે સવારના ૯:00 થી ૧૨:30 સુધી આપવામાં આવે છે.

**3)** હેલ્થ સેન્ટરની સેવા નો લાભ લેવા માટે વિધાર્થીએ પોતાની સાથે કોલેજનું આઈ કાર્ડ તથા આધાર કાર્ડ લઈને આવવાનું રહે છે. આઈ કાર્ડના ઉપલભ્ધ થાય ત્યાં સુધી ફી રિસીપ્ટની કોપી સાથે રાખવી.

## હેલ્થ સેન્ટરની સેવાઓ

**1)** હેલ્થ સેન્ટરનો મુખ્ય ઉદેશ્ય વિદ્યાર્થીઓને પ્રાથમિક સારવાર પુરી પાડવાનો છે.

**2)** હેલ્થ સેન્ટરમાં સામાન્ય રોગો જેવા કે તાવ, શરદી, ઝાડા, ઉલ્ટી, ચામડીના રોગો, મેલેરિયા, ટાઈફોઈડ વગેરે માટે સારવાર આપવામાં આવે છે.

**3)** હેલ્થ સેન્ટરની ફાર્મસીમાં સામાન્ય તકલીફો તેમજ બી.પી., ડાયાબિટીસ માટે લગભગ ૨00 જેટલી અલગ અલગ પ્રકારની દવાઓ રાખવામાં આવે છે.

**4)** હેલ્થ સેન્ટરમાં પેથોલોજીકલ લેબોરેટોરીની સુવિધા ઉપલબ્ધ છે. જેમાં તાવ, શરદી, મેલેરીયા, ડેન્ગ્યુ, ટાઈફોઈડ વગેરે જેવા રોગો માટે લોહી પરીક્ષણ કરવામાં આવે છે.

**5)** હેલ્થ સેન્ટર દ્વારા બી.પી., ડાયાબિટીસના દર્દીઓ માટે નિયમિત લોહીના રિપોર્ટ જેવા કે સુગર, HBA1C, લિપિડ પ્રોફાઈલ, કિડની પ્રોફાઈલ, લીવર પ્રોફાઈલ નજીવા દરે કરવામાં આવે છે.

**6)** સમયાંતરે હેલ્થ સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓના હિમોગ્લોબિનની ચકાસણી તથા લોહતત્વ અને બીજા પોષકતત્વોની ખામીથી થતાં રોગો માટે ડિપાર્ટમેંટવાઈઝ લોહી રિપોર્ટ તથા કાઉન્સેલિંગ સેસન રાખવામાં આવતા હોય છે.

**7)** હેલ્થ સેન્ટરમાં વિદ્યાર્થીઓને ઝાડા, તાવમાં જો ડીહાઇડ્રેસન થયું હોય તો તથા વિવિધ ઇન્ફેકસન માટે બોટલ ચઢાવવામાં આવે છે.

**8)** વિદ્યાર્થીઓને પરીક્ષા સમયે માનસિક તણાવ માટે મેડિકલ ઓફિસર દ્વારા કાઉન્સેલિંગ આપવામાં આવે છે.

## ખાસ નોંધ:

ઉપરોક્ત તમામ માહિતી ફક્ત ટૂંક માહિતી/સમજ અર્થે રજુ કરેલ છે તથા તે બદલાવ ને આધીન છે. વિસ્તૃત માહિતી માટે સરદાર પટેલ યુનવર્સિટી વેબ સાઈટ https://www.spuvvn.edu ધ્યાને લેવી.

# પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ

# સરદાર પટેલ યુનિવર્સિટી

નેક એક્રેડિએશન ગ્રેડ "એ" (૧૦-૦૧-૨૦૨૩ થી ૦૯-૦૧-૨૦૨૮)

# પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ

વેબસાઇટ: www.spuvvn.edu

## પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનામાં અરજી પત્રકો ઓનલાઇન ભરવા અંગેની સૂચનાઓ

1) પ્રથમ વિદ્યાર્થીઓએ ડિજિટલ ગુજરાત પોર્ટલ ઓપન કરી " LOGIN " ક્લિક કરી Citizen login Registration `ઓપ્સનમાં જઈ "New registration (Citizen)" પર ક્લિક કરીને નવું રજીસ્ટ્રેશન કરવાનું રહેશે નવું રજીસ્ટ્રેશન ઇ-મેલ આઇડી મોબાઈલ નંબર તેમજ પોતે નક્કી કરેલ પાસવર્ડ દ્વારા કરવાનું રહેશે. જે કાયમી આ પોર્ટલ માટે સાચવી રાખવાના રહેશે રજીસ્ટ્રેશન વખતે E-mail Id અને મોબાઈલ નંબર ફરજિયાત છે. (સદરહુ મોબાઈલ નંબર જ્યાં સુધી સંપૂર્ણ અભ્યાસક્રમની શિષ્યવૃત્તિ/ સહાય મળી ન જાય ત્યાં સુધી ચાલુ રાખવા વિનંતી છે). રજીસ્ટ્રેશન થયા બાદ વિદ્યાર્થીએ પોતાના મોબાઈલ નંબર કે ઇ-મેલ આઇડી ને પોતાના યુઝરનેમ તરીકે જ તથા જે પાસવર્ડ બનાવેલ હોય તેનો ઉપયોગ કરી પુનઃ LOGIN કરી પોતાના (My profile) update કરવાની રહેશે. My profile Update થયેલ હશે તો જ વિદ્યાર્થીને ઓનલાઇન અરજી કરી શકશે તેને તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

2) જે વિદ્યાર્થીઓ અગાઉ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવેલ હોય (જેમ કે અગાઉના વર્ષમાં સદરહુ પોર્ટલ મારફતે યોજના માટે ઓનલાઈન એપ્લાય કરેલ હોય કે પોર્ટલની અન્ય શિષ્યવૃત્તિ યોજનામાં લાભ લેવા અરજી કરેલ હોય) તેઓએ ફરીથી રજીસ્ટરિંગ કરવાનું રહેશે નહીં. તેઓએ અગાઉના લોગીન અને પાસવર્ડ વડે લોગીન કરી જે તે લાગુ પડતી યોજનામાં સીધી અરજી કરી શકશે.

3) જે વિદ્યાર્થીઓએ ગત વર્ષનો પોતાનો આઈડી પાસવર્ડ ભૂલી ગયેલ હોય તે વિદ્યાર્થીઓએ "FORGOT PASSWORD" પર ક્લિક કરી પોતાના રજીસ્ટર મોબાઈલ નંબર પર OTP મેળવી નવો પાસવર્ડ બનાવી લેવાનો રહેશે નવો પાસવર્ડ મળ્યા બાદ પોતાનો મોબાઈલ નંબર User ID રહેશે અને પાસવર્ડ જે નવો બનાવેલ તે રહશે છે.

4) જે વિદ્યાર્થીઓને રજીસ્ટર મોબાઈલ નંબર ખોવાઈ ગયેલ હોય કે કોઈ કારણસર બંધ થઈ ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીઓએ જિલ્લાની SC/ST/OBC કચેરીનો સંપર્ક કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી પોતાની પ્રોફાઈલમાં મોબાઈલ નંબર બદલાવી શકે છે

5) ડિજિટલ ગુજરાત પોર્ટલમાં લોગીન થયા બાદ તમામ વિદ્યાર્થીઓએ "Service" મેનુમા જઈ "Scholarship Service " Option પર ક્લિક કરીને જ ઓનલાઇન એપ્લાય કરવાની કામગીરી કરવાની રહેશે અન્ય કોઈ જગ્યાએથી વિદ્યાર્થી શિષ્યવૃત્તિ યોજનામાં એપ્લાય કરી શકશે નહીં જેની તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવાની રહેશે.

6) Scholarship Service" Option પર ક્લિક કર્યા બાદ select Financial Year વર્ષ ચાલુ વર્ષ 2024- 25 માટે ઓનલાઇન અરજી કરવા માટે Request New Service બટન પર ક્લિક કરી Select Financial Year 2024-25 સિલેક્ટ કરવાનું રહેશે

**7)** જે વિદ્યાર્થીઓ ગત વર્ષ 2023-24 માં ઓનલાઈન અરજી કરેલ હતી અને નિયમ અનુસાર શિષ્યવૃત્તિ મેળવેલ હતી તે વિદ્યાર્થીઓને ચાલુ વર્ષની Renewal અરજી ઓટોમેટીક Renewal મોડમાં મૂકવામાં આવે છે એટલે કે વિદ્યાર્થીઓ ફ્રેશ એપ્લાય કરવાનું નથી રીન્યુઅલ બટન પર ક્લિક કરી પોતાના તમામ વિગતો જેવી કે Registration detail, bank detail, Academic detail, disability detail વગેરે ચેક કરી જરૂરી બિડાણો અપલોડ કરી અરજી ઓનલાઇન સેન્ડ કરવાની રહેશે( વિદ્યાર્થીઓ ઓરીજનલ ડોક્યુમેન્ટ SCAN કરી અપલોડ કરવા)

**8)** તમામ વિગતો ની ચકાસણી કરી અને ડોક્યુમેન્ટ UPLOAD થઈ ગયા બાદ વિદ્યાર્થીએ પોતાના તાજેતરનો પાસપોર્ટ સાઇઝના ફોટો અપલોડ કરવાનો રહેશે અને સંપૂર્ણ અરજી પત્રક ભરાઈ ગયા બાદ "Verify Mobile Number" બટન પર ક્લિક કરી પોતાના મોબાઈલ નંબર પર OTP મેળવી ઓનલાઈન અરજી "Final Submit" કરવાની રહેશે. જેથી વિદ્યાર્થીઓની અરજી સંબંધિત શાળા કોલેજ સંસ્થાના લોગીનમાં ઓનલાઇન સબમિટ થઇ જશે. ઓનલાઇન અરજી થઈ ગયા બાદ Fresh તથા Renewal વિદ્યાર્થીએ તેની પ્રિંટકાઢી જરૂરી સાધનિક પુરાવા અરજી સાથે બિડાણ કરી પોતાની શાળા/ કોલેજ/સંસ્થાને જમા કરાવવાના રહેશે.

**9)** જાતિ અને આવક અંગેનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ હોય તે જ અપલોડ કરવાનો રહેશે.

**10)** શૈક્ષણિક વર્ષ માટે તમામ જાતિના વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિ સહાય મેળવવા માટે જણાવેલ તારીખના સમયગાળા સુધીમાં શિષ્યવૃત્તિ પોર્ટલ પર લાગુ પડતી યોજનાઓમાં બિનચૂક ઓનલાઇન અરજી કરવાની રહેશે.

**11)** વર્ષ 2022-23થી ભારત સરકારની પોસ્ટમેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત શિષ્યવૃત્તિનું ચુકવણું આધાર બેજ કરવામાં આવેલ છે એટલે કે વિદ્યાર્થીઓના આધાર નંબર જે બેંક ખાતે લિંક હોય તે બેંક ખાતામાં શિષ્યવૃત્તિની ચુકવણી કરવામાં આવે છે. આથી તમામ વિદ્યાર્થીઓને ખાસ જણાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓએ આધાર અને બેંક ખાતાનો લિન્ક /સિડીંગ કરાવેલ ના હોય તેવા તાત્કાલિક કરાવી લેવાનું રહેશે.

**12)** હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીએ હોસ્ટેલર અંગેનું સર્ટિફિકેટ ડિજિટલ ગુજરાત પોર્ટલ પરથી ડાઉનલોડ કરીને હોસ્ટેલના સંબંધિત સત્તાધિકારીશ્રી ના સિક્કા કરાવીને સ્કેન કરીને અપલોડ કરવાનો રહેશે.

**ખાસ નોંધ:**

ઉપરોક્ત તમામ માહિતી ફક્ત ટૂંક માહિતી/સમજ અર્થે રજુ કરેલ છે તથા તે બદલાવ ને આધીન છે. વિસ્તૃત માહિતી માટે સરદાર પટેલ યુનવર્સિટી વેબ સાઈટ https://www.spuvvn.edu ધ્યાને લેવી.

# સ્વિમિંગ પુલ

## Swimming Pool & Ifcowala Sports Complex
## (સ્વિમિંગ પુલ અને ઇફ્કોવાળા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ)

સરદાર પટેલ યુનીવર્સીટીના વિદ્યાર્થીઓ માટે અદ્યતન આંતરરાષ્ટ્રીય કક્ષાનો સ્વિમિંગ પુલ તથા જીમ્નાસીયમની સુવિધાઓ બાકરોલ તળાવની સામે, યુનીવર્સીટી ગ્રાઉન્ડ ખાતે ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. અહિયાં સરદાર પટેલ યુનીવર્સીટીના વિભાગો તથા તેને સંલગ્ન કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તથા ટીચિંગ અને વહીવટીય કર્મચારીઓને મેમ્બેરશીપ ફીમાં રાહત દરે આપવામાં આવે છે.

## સ્વિમિંગ પુલ વિશેની માહિતી

1) સ્વિમિંગ પુલ 25 મીટર પહોળો તથા 50 મીટર લંબાઈ ધરાવે છે. સ્વિમિંગ પુલ ખાતે ચેન્જ રૂમ તથા સાવર રૂમની સુવિધાઓ ઉપલબ્ધ છે. સ્વિમિંગ પુલ ખાતે અધ્યતન મોટી કેપેસીટીનો ફિલ્ટર પ્લાન્ટ અને પમ્પીંગ સ્ટેશનથી પાણીને દરરોજ ફિલ્ટર કરીને ચોખ્ખું રાખવામાં આવે છે.

2) સ્વિમિંગ પુલમાં કુલ ૧૨ લેન ઉપલબ્ધ છે. સ્વિમિંગ પુલ ખાતે જરૂરી એસેસરીઝ જેવી કે પ્રેકટીશ કિક બોર્ડ તથા વોટર ફ્લોટિંગ રિંગ્સ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

3) સ્વિમિંગ પુલની મહતમ ઊંડાઈ ૮ ફૂટ તથા ન્યુનતમ ઊંડાઈ ૪ ફૂટની છે.

4) વિદ્યાર્થીઓને અનુભવી કોચ દ્વારા સ્વિમિંગ શીખવાડવામાં આવે છે. સ્વિમિંગ પુલ ખાતે પ્રશિક્ષિત લાઈફ સેવર સતત હાજર હોય છે.

5) સ્વિમિંગ પુલ નો સમય નીચે મુજબ છે.

| ક્રમ | સમય | વિગત |
|---|---|---|
| ૧ | સવારે ૬.૦૦ થી ૭.૦૦ | ફક્ત સ્વીમર માટે |
| ૨ | સવારે ૭.૦૦ થી ૮.૦૦ | શીખાઉ તથા સ્વીમર માટે |
| ૩ | સવારે ૮.૦૦ થી ૯.૦૦ | શીખાઉ તથા સ્વીમર માટે |
| ૪ | સાંજે ૪.૦૦ થી ૫.૦૦ | ફકત લેડીઝ તથા બાળકો માટે |
| ૫ | સાંજે ૫.૦૦ થી ૬.૦૦ | શીખાઉ તથા સ્વીમર માટે |
| ૬ | સાંજે ૬.૦૦ થી ૭.૦૦ | શીખાઉ તથા સ્વીમર માટે |
| ૭ | સાંજે ૭.૦૦ થી ૮.૦૦ | ફક્ત સ્વીમર માટે |

## જીમ્નાસીયમ વિશેની માહિતી

1) સ્વિમિંગ પુલ ખાતે જ જીમ્નાસીયમની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવમાં આવેલ છે.

2) જીમ્નાસીયમ ૫૦૦ ચોરસ મીટરનો કાર્પેટ એરિયા ધરાવે છે. જીમ્નાસીયમ એરકન્ડીશનની સુવિધાઓથી સજ્જ છે.

3) જીમ્નાસીયમ ખાતે ૪૯ જેટલા કસરત માટેના અધ્યતન સાધનો ઉપલબ્ધ છે. જેમાં ટ્રેડમિલ, અલેપટીકલ, સ્પીન બાઈક, લેગ પ્રેસ, મલ્ટી હીપ, ફન્કસનલ ટ્રેનર, વર્ટીકલ પ્લેટ ટ્રી, સોલ્ડર પ્રેસ, ચેસ્ટ પ્રેસ, સીટેડ લેગ પ્રેસ, પરિચર બેંચ, યુટીલીટી બેંચ, બાર્બે રોડ્સ વિગેરેનો સમાવેશ થાય છે. જેના દ્વારા રૂટીન કસરત, બોડી બિલ્ડીંગ, કાર્ડીઓ કસરત, ફ્રી વેઇટ, હોલ બોડી વર્કકાઉટ જેવી કસરતો કરવામાં આવે છે.

4) વિદ્યાર્થીઓને અનુભવી કોચ દ્વારા જીમ્નાસીયમમાં કસરત કરાવવામાં આવે છે.

### ખાસ નોંધ:

ઉપરોક્ત તમામ માહિતી ફક્ત ટૂંક માહિતી/સમજ અર્થે રજુ કરેલ છે તથા તે બદલાવ ને આધીન છે. વિસ્તૃત માહિતી માટે સરદાર પટેલ યુનવર્સિટી વેબ સાઈટ https://www.spuvvn.edu ધ્યાને લેવી.

# યુવિ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ

# Sports Facilities

Sardar Patel University owns a 15-acre playground. This playground has the following facilities.

| | | | |
|---|---|---|---|
| 1 | Basket-Ball court with flood lights | : | 2 Ground |
| 2 | Volley-Ball Ground | : | 2 Ground |
| 3 | Kabaddi Ground | : | 2 Ground |
| 4 | Kho - Kho Ground | : | 2 Ground |
| 5 | Hand-Ball Ground | : | 1 Ground |
| 6 | 400 Meters Athletic Track | : | 1 |
| 7 | Foot Ball Ground (Within the track) | : | 1 Ground |
| 8 | Cricket Ground (Within the track) | : | 1 Ground |
| 9 | Tennis Court (Cement Court) | : | 1 |

The university has an indoor multipurpose sports complex. There are three separate halls within several sports complexes. The badminton hall has two international standard badminton courts. Table Tennis Hall has three table tennis arenas and a multi-purpose hall with facilities for international standard basketball, volleyball, handball, kabaddi, kho-kho, judo, and wrestling. This hall can also serve as a shooting range for rifle shooting.

## સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં રમવા આવવા માટેની માહેતી

1) યુવિ સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં ખેલાડીઓને રમવા આવવાનો સમય સવારે ૬ થી ૯ અને સાંજે ૫ થી ૮ છે.
2) સભ્યપદ માટે ફોર્મ શારીરિક શિક્ષણ વિભાગમાંથી મેળવવાનું રહેશે.
3) સભ્યપદ મેળવ્યા બાદ ખેલાડીઓને આઇકાર્ડ આપવામાં આવે છે.
4) અનુસ્નાતક વિભાગોના વિદ્યાર્થીઓ વિના મુલ્યે રમવા માટે આવી શકે છે.
5) સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓ માટે ફી રાખવામાં આવેલ છે.
6) યુનિવર્સિટીના દ્વારા નિયત કરેલ ફોર્મ અને નક્કી કરેલ ફી યુનિવર્સિટીના હિસાબી વિભાગમાં ભરવાની હોય છે.
7) વિસ્તૃત માહિતી શારીરિક શિક્ષણ વિભાગમાંથી મેળવવાની રહેશે.

### ખાસ નોંધ:

ઉપરોક્ત તમામ માહિતી ફક્ત ટૂંક માહિતી/સમજ અર્થે રજુ કરેલ છે તથા તે બદલાવ ને આધીન છે. વિસ્તૃત માહિતી માટે સરદાર પટેલ યુનવર્સિટી વેબ સાઈટ https://www.spuvvn.edu ધ્યાને લેવી.

# યુજીસી વિભાગ

# વિદ્યાર્થીને મળતી ફેલોશીપ

## 1) ભારત સરકાર (યુ.જી.સી., નવી દિલ્હી) તરફથી મળતી ફેલોશીપ

1. NATIONAL FELLOWSHIP FOR HIGHER EDUCATION FOR ST
2. NATIONAL FELLOWSHIP FOR SCHEDULED CASTE
3. MAULANA AZAD NATIONAL FELLOWSHIP-MINORITY
4. INDIRA GANDHI SCHOLARSHIP SCHEME FOR SINGLE GIRL CHILD
5. PG SCHOLARSHIP FOR UNIVERSITY RANK HOLDERS
6. POST DOCTORAL FELLOWSHIP FOR SC & ST
7. PG SCHOLARSHIP FOR PROFESSIONAL COURSES FOR SC/ST
8. EMERITUS FELLOWSHIP
9. POST DOCTORAL FELLOWSHIP TO WOMEN CANDIDATES
10. KOTHARI FELLOWSHIP
11. NET JRF FELLOWSHIP
12. NATIONAL FELLOWSHIP FOR PERSONS WITH DISABILITY
13. BSR FELLOWSHIPS IN SCIENCES
14. DR. S RADHAKRISHNAN POSTDOCTORAL FELLOWSHIP IN HUMANITIES AND SOCIAL SCIENCE
15. SWAMI VIVEKANANDA SINGLE GIRL CHILD SCHOLARSHIP FOR RESEARCH IN SOCIAL SCIENCES
16. ISHAN UDAY-SPECIAL SCHOLARSHIP SCHEME FOR NORTH EASTERN REGION
17. NATIONAL FELLOWSHIP FOR STUDENTS OF OTHER BACKWARD CLASSES (OBC)
18. UGC-BSR FACULTY FELLOWSHIP SCHEME
19. PG SCHOLARSHIP FOR M.E/M.TECH/M.PHARM TO GATE/GPAT QUALIFIED CANDIDATES

## 2) ગુજરાત સરકાર તરફથી મળતી ફેલોશીપ

1. SHODH – SCHEME OF DEVELOPING HIGH QUALITY RESEARCH

## ફેલોશીપ મેળવતા પહેલાની પ્રક્રિયા

1) સરદાર પટેલ યુનિવર્સિટીમાં ફુલ ટાઈમ પી.એચ.ડી. કરતાં વિદ્યાર્થીઓ જે ફેલોશીપ મેળવવા માટે અરજી કરી શકે છે.
2) ભારત સરકાર (યુ.જી.સી., નવી દિલ્લી) તરફથી મળતી ફેલોશીપ માટે NATIONAL SCHOLARSHIP PORTAL (NSP) પરથી રજિસ્ટ્રેશન કરવી ઓનલાઇન મધ્યમથી અરજી કરવાની રહે છે. અને તે અંગેની સંપૂર્ણ પ્રક્રિયા તથા જરૂરી માર્ગદર્શન યુ.જી.સી., નવી દિલ્લીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
3) ગુજરાત સરકાર તરફથી મળતી ફેલોશીપ (શોધ માટે) https://shodh.guj.nic.in/ પરથી રજિસ્ટ્રેશન કરવી ઓનલાઇન માધ્યમથી અરજી કરવાની રહે છે. અને તે અંગેની સંપૂર્ણ પ્રક્રિયા તથા જરૂરી માર્ગદર્શન શોધ વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
4) અરજી કરતાં વિદ્યાર્થીઓએ જરૂરી ડોક્યુમેન્ટ્સ અપલોડ કરવાના રહેતા હોય છે. જે ડોક્યુમેન્ટ્સ યુ.જી.સી. વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટિ દ્વારા વેરીફાઈ કરી વિદ્યાર્થીની અરજીને સબમિટ કરવામાં આવે છે.

## ફેલોશીપ મંજૂર થયા બાદ કરવાની પ્રક્રિયા

1) મંજૂર થયેલ ફેલોશીપના એવાર્ડ લેટર જે તે વિદ્યાર્થીને ઈ-મેઈલ મારફતે યુ.જી.સી., નવી દિલ્લી તથા શોધ કે.સી.જી. દ્વારા મોકલી આપવામાં આવે છે.
2) વિદ્યાર્થીને ભારત સરકાર (યુ.જી.સી., નવી દિલ્લી) તરફથી ફેલોશીપ મંજૂરી થઈ હોય તો યુ.જી.સી. વિભાગ સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા Linking Process કરવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીના જરૂરી ડોક્યુમેન્ટ્સ વેરિફાઇ કરી આગળની કાર્યવાહી કરવામાં આવે છે.
3) યૂ.જી.સી., નવી દિલ્લી દ્વારા Linking Process પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીનું નામ Scholarship and Fellowship Management Portal (SFMP)માં આવ્યા બાદ વિદ્યાર્થીએ દર મહિને Continuation Certificate તથા HRA Certificate જમા કરાવવાનું હોય છે.
4) શોધ ફેલોશીપ માટે વિદ્યાર્થીઓએ દર મહિને Attendance Report, Progress Report & RDC Report શોધ પોર્ટલ પર અપલોડ કરવાના હોય છે. તેને યુ.જી.સી. વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા વેરિફાઇ કરવામાં આવે છે.

**ખાસ નોંધ:**

ઉપરોક્ત તમામ માહિતી ફક્ત ટૂંક માહિતી/સમજ અર્થે રજુ કરેલ છે તથા તે બદલાવ ને આધીન છે. વિસ્તૃત માહિતી માટે સરદાર પટેલ યુનવર્સિટી વેબ સાઈટ **https://www.spuvvn.edu** ધ્યાને લેવી.